શેરબજારમાં તેજીનો દોર યથાવત

મુંબઈ,તા. ૩

શેરબજારમાં રેકોર્ડ બ્રેક તેજીનો દોર આજે પણ જારી રહ્યો હતો. આઈટીના શેરમાં તીવ્ર લેવાલી વચ્ચે સેંસેક્સમાં નવી ઉંચી સપાટી જોવા મળી હતી. અમેરિકી આર્થિક આંકડા પણ ઉપયોગી સાબિત થયા છે. આ ઉપરાંત રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ પર સમજૂતિની સીધી અસર પણ શેરબજાર પર થઇ હતી. કારોબારમાં મોડેથી જોરદાર લેવાલી રહેતા સેંસેક્સમાં ઉછાળો નોંધાયો હતો. સેંસેક્સ કારોબારના અંતે ૧૨૧ પોઇન્ટ ઉછળીને ૨૭૧૪૦ની સપાટીએ રહ્યો હતો. એક વખતે સેંસેક્સ ૨૭૨૨૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૩૨ પોઇન્ટ ઉછળીને ૮૧૧૫ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ૮૧૪૨ની સપાટીએ પહોંચ્યા બાદ તેમાં રેકોર્ડ ઉછાળો રહ્યો હતો. અમેરિકી મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિ સાડા ત્રણ વર્ષની ઉંચી સપાટીએ રહી છે. જુલાઈના મહિનામાં કન્સ્ટ્રક્શનની પ્રવૃત્તિમાં ઉલ્લેખનીય તેજી જોવા મળી છે. બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સમાં ૦.૩ અને બીએસઈ મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૮ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. માર્કેટબ્રીડ્થ આજે નબળી રહી હતી. બીએસઈમાં ૧૫૨૭ શેરમાં મંદી અને ૧૪૯૫ શેરમાં તેજી રહી હતી. જાપાની શેર આજે સાત મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યા હતા જેમાં ૦.૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. તેની સપાટી ૧૫૭૨૮ નોંધાઈ હતી. જાપાની વડાપ્રધાન સિંજોની કેબિનેટમાં ફેરફાર કરવામાં આવશે તેવા અહેવાલ વચ્ચે જાપાની શેરબજારમાં તેજી રહી હતી. ચીની સર્વિસ સેક્ટરમાં પણ રિબાઉન્ડની સ્થિતિ જોવા મળી હતી. સેક્ટરલ મોરચે જોવામાં આવે તો એફએમસીજી ઇન્ડેક્સ અને બેંકેક્સ સિવાય અન્ય તમામ સેક્ટરલ ઇન્ડેક્સમાં તેજી રહી હતી. બીએસઈ આઈટી ઈન્ડેક્સમાં ૨.૫ ટકાનો મોટો ઉછાળો જોવા મળ્યો હતો. રિયાલીટી અને ટેક ઇન્ડેક્સમાં બે ટકાનો સુધારો જોવા મળ્યો હતો. મેટલ ઇન્ડેક્સમાં એક ટકા, કેપિટલ ગુડ્ઝમાં ૦.૮ ટકાનો ઉછાળો રહ્યો હતો. આવી જ રીતે પાવર ઇન્ડેક્સમાં નકારાત્મક સ્થિતિ રહી હતી. અમેરિકી મેન્યુફેક્ચરિંગ એક્ટિવીટી ડેટા જારી કરવામાં આવ્યા બાદ ટેકનોલોજીના શેરમાં લેવાલી જામી હતી. ઇન્ડેક્સ હેવીવેઇટ ગણાતા ટાટા મોટર્સમાં ૧.૪ ટકાનો ઉછાળો નોંધાયો છે. આ ઉપરાંત એમએમએમમાં એક ટકાનો સુધાર રહ્યો હતો. જો કે, બજાજ ઓટો, હિરો મોટો અને મારુતિ સુઝુકીમાં ૦.૪થી ૧.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો.

મોદીની જાપાન યાત્રા ખૂબ જ સફળ રહી

નવીદિલ્હી,તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે



ાજાપાનની સફળ યાત્રા પૂર્ણ કરીને સ્વદેશ ફરત ફર્યા હતા. નરેન્દ્ર મોદી જાપાનની પાંચ દિવસની હાઈપ્રોફાઈલ અને ઐતિહાસિક યાત્રા પૂર્ણ કરીને પરત ફર્યા બાદ વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે તેમનુ દિલ્હીમાં સ્વાગત કર્યું હતું. મંગળવારના દિવસે તેમના છેલ્લા સત્તાવાર કાર્યક્રમને સમેટી લેતા વેળા મોદીએ ભારતમાં વિશ્વાસ રાખવા બદલ જાપાનનો આભાર માન્યો હતો. અગાઉ ટોકિયોમાં તેમના સન્માનમાં ભારતીય સમુદાય દ્વારા પણ તેમના માટે કાર્યક્રમનુ આયોજન કર્યું હતું. જુદા જુદા કામો માટે આગામી પાંચ વર્ષમાં જાહેર અને ખાનગી ફંડિગ દ્વારા ભારતમાં ૨૧૦૦૦ કરોડ અથવા તો ૩.૫ ટ્રિલિયન યેન અતવા તો ૩૫ અબજ ડોલર રોકવાની જાપાને જાહેરાત કર્યા બાદ આની વાત કરતા મોદીએ કહ્યું હતું કે હજુ સુધી અબજડો અને લાખોમાં વાત થતી હતી. પરંતુ હવે ટ્રિલિયનમાં વાત થઇ રહી છે. સંબંધોને મજબુત કરવા મોદીએ લોકથી લોક સંપર્કની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે જાપાનથી સંસદીય પ્રતિનિધીમંડળ ઉપરાંત યુવા સાંસદ અને મહિલાના અલગ સંસદીય એસોસિએશનની રચનાની વાત કરી હતી. સાથે સાથે અલગ અલગ રીતે એકબીજાના દેશની મુલાકાત લોવાની વાત કરી હતી. અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાપાનની ઐતિહાસિક અને હાઇપ્રોફાઇલ પાંચ દિવસની યાત્રાને સમેટી લીધી હતી. નરેન્દ્ર મોદી પાચ દિવસની યાત્રાને સમેટી લીધા બાદ આજે સવારે સ્વદેશ પરત રવાના થયા હતા અને બપોરે નવી દિલ્હી પહોંચી ગયા હતા. મોદીએ જાપાન યાત્રા દરમિયાન વિવિધ કાર્યક્રમમાં હાજરી આપી હતી. જાપાનની યાત્રાતી એક નવા યુગની શરૂઆત બન્ને દેશો વચ્ચે થઇ ગઇ છે. મોદીની જાપાન યાત્રા દરમિયાન જુદા જુદા ક્ષેત્રોમાં અનેક કરાર કરવામાં આવ્યા હતા. આ યાત્રા દરમિયાન જાપાન વિકાસ પ્રોજેક્ટો માટે આાગામી પાંચ વર્ષમાં ભારતમાં ૩૫ અબજ ડોલરનુ રોકાણ કરવા માટે તૈયાર થયું હતું. બન્ને દેશો સંરક્ષણ અને અન્ય વ્યુહાત્મક ક્ષેત્રોમાં સહકાર વધારવા માટે પણ રાજી થયા હતા. બન્ને દેશોએ પાંચ સમજુતી પર હસ્તાક્ષર કર્યા હતા જેમાં ડિફેન્સ આપલે, ક્લીન એનર્જીમાં સહકાર, રોડ અને હાઇવેમાં સહકાર અને હેલ્થકેરમાં સમજુતીનો સમાવેશ થાય છે. જાપાને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સહિત છ ભારતીય કંપનીઓ પર લાદવામાં આવેલા પ્રતિબંધને ઉઠાવી લીધા હતા. વર્ષ ૧૯૯૮ના પરમાણુ પરિક્ષણ બાદ આ કંપનીઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યા હતા. પાંચ દિવસની યાત્રા દરમિયાન મોદી એ જાપાનના મુડીરોકાણકારોને ભારતમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું હતુ. મે મહિનામાં વડાપ્રધાન બન્યા બાદ મોદીની આ પેટાખંડ બહારની પ્રથમ યાત્રા હતી. વેપાર માટે ભારત આદર્શ સ્થળ બન્યું હોવાનો દાવો મોદીએ કર્યો હતો. ભારત જાપાનના રોકાણકારોનુ લાલ જાજમ બિછાવીને સ્વાગત કરશે. મોદીએ સ્કુલી વિદ્યાર્થીઓ સાથે પણ વાત કરી હતી. સાથે સાથે ભારતીય સમુદાય સાથે પણ વાત કરી હતી.

મહારાષ્ટ્ર-ગુજરાતમાં ચીન ૫ અબજ ડોલર રોકવા સુસજ્જ

નવીદિલ્હી ,તા. ૩

ભારતમાં ૩૫ અબજ ડોલરનુ જંગી રોકાણ કરવાની જાપાને ખાતરી આપ્યા બાદ હવે અન્ય દેશો પણ ભારતમાં જંગી રોકાણ કરવાની યોજના ધરાવે છે. જાપાને ૩૫ અહબજ ડોલરનુ રોકાણ કરવાની જાહેરાત કર્યાના એક દિવસ બાદ ચીને ગુજરાત અને મહારાષ્ટ્રમાં બે પાર્કમાં પાંચ અબજ ડોલરનુ રોકાણ કરવાની જાહેરાત કરી છ. ચીન પુણેમાં ઇન્ડ્સ્ટ્રીયલ પાર્કમાં પણ મહાકાય રોકાણ કરનાર છે. આગામી દશકમાં ચીન તબક્કાવારરીતે ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરિંગમાં પણ રોકાણ કરશે. આ ક્ષેત્રમાં તે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરનાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ જ્યારે ચીની પ્રમુખ ઝી જિંગપિંગ ભારતની યાત્રાએ આવશે ત્યારે ઇન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપિત કરવા માટે સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવશે. મુંબઈમાં ચીનના કોન્સુલ જનરલ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. એક અગ્રણી અગ્રેજી અખબારમાં આ અંગેના અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. પુણે પાર્ક આશરે છ સ્કેવર કિલોમીટર વિસ્તારમાં રહેશે. જ્યારે ગુજરાતમાં અમદાવાદ નજીક બનનાર પાર્ક આશરે ૧૦ સ્કવેર કિલોમીટર વિસ્તારમાં રહેશે. અહીં એક અબજ ડોલરની વધુના રોકાણની જરૂર રહેસે. અમદાવાદ પાર્ક ઉજળી ઉત્પાદન અને જનરેશન ઇક્વીપમેન્ટ મેન્યુફેક્ચરિગ પર ધ્યાન કેન્દ્રિત કરશે.ચીનના કોન્સુલ જનરલે કહ્યું હતું કે પુણે પાર્કના પ્રથમ તબક્કા માટેનુ કામ ત્રણ વર્ષમાં પૂર્ણ કરી લેવામાં આવશે. જ્યારે આમાં ૫૦૦ મિલિયન ડોલરની જરૂર પડશે. આ પાર્ક સ્માર્ટ સિટી તરીકે રહેશે. જેમાં હોટેલ, સ્કુલ સહિતની તમામ સુવિધા રહેસે. પુણે પાર્કથી આશરે એક લાખ લોકોને રોજાગારી મળશે. રેવેન્યુ તરીકે અબજો ડોલર મળશે. પાર્કમાં ૧૫ કંપનીઓ રહેશે. મોટા ભાગે રોકાણ ચીની કંપનીઓ પાસેથી જ આવસે. ચીન તાજેતના વર્ષોમાં ભારતમાં મોટા પાયે રોકાણ કરવાની યોજના ધરાવે છે. ચીને વિશ્વભરમાં ૭૫૦ અબજ ડોલરનુ રોકાણ કરેલુ છે.

મુંબઈમાં પાવરકટમાં અંતે તપાસનો આદેશ

મુંબઈ,તા. ૩

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં વિજળીમાં કાપને લઈને સામાન્ય લોકોએ ભારે હોબાળો મચાવ્યા બાદ મહારાષ્ટ્ર સરકારે તપાસનો આદેશ આપ્યો છે. મુંબઈના દક્ષિણ અને મધ્ય વિસ્તારોમાં સામાન્ય લોકો દ્વારા વિજળી કાપનો સામનો કરવામાં આવી રહ્યો છે. આને લઈને જોરદાર હોબાળો લોકોએ મચાવ્યા બાદ હવે તપાસનો આદેશ આપી દેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના પ્રિન્સિપલ સેક્રેટરી-એનર્જી દ્વારા આ મામલામાં ઉંડી તપાસ કરવામાં આવશે. આજે બપોરે કેબિનેટની બેઠક યોજાયા બાદ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણ દ્વારા તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. રાજ્ય કેબિનેટે ગઈકાલે મુંબઈમાં વિજળી કાપને લઈને ગંભીર નોંધ લીધી છે. તેમણે કહ્યું હતું કે, દક્ષિણ અને મધ્ય મુંબઈના ઘણા ભાગોમાં અંધારપટની સ્થિતિ છવાઈ ગઈ હતી. ટાટા પાવરના ટ્રોમ્બે પ્લાન્ટના યુનિટમાં ખામી સર્જાયા બાદ અંધારપટની સ્થિતિ સર્જાઈ હતી. શહેરમાં વિજળી પુરવઠો ઉપલબ્ધ કરાવનાર ટાટા પાવરના ટ્રોમ્બે પ્લાન્ટમાં ટ્રીપની સ્થિતિ સર્જાતા અંધારપટની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. પારેલ, મહાલક્ષ્મી, ધારાવી, ચેમ્બુર અને ગ્રાન્ટ રોડ ખાતે વિજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

વધુ એક અમેરિકી પત્રકારની કરપીણ હત્યા કરાતા ચકચાર

બેરુત,તા. ૩

ઇસ્લામિક સ્ટેટના ત્રાસવાદીઓએ વધુ એક અમેરિકી પત્રકારની ઘાતકી હત્યા કરી દીધી છે. હત્યા કરતી વેળા ભુલથી વિડિયો જારી કરાતા વિશ્વભરમાં ખળભળાટ મચી ગયો છે. આઇએસઆઇએસના ત્રાસવાદીઓએ અમેરિકી પ્રમુખ બરાક ઓબામાને ચેતવણી પણ આપી છે કે જ્યાં સુધી અમેરિકા હવાઇ હુમલા બંધ કરશે નહી ત્યાં સુધી અમેરિકી નાગરિકોની દરદન પર સતત ચાકુ રહેશે. ત્રાસવાદીઓએ બીજી વખત અમેરિકી પત્રકારની હત્યા કરી છે. નવાવિડિયોમાં અમેરિકી પત્રકાર સ્ટીવેન સટલોફની હત્યા કરતા દર્શાવાયો છે. આ અમેરિકી પત્રકારની પણ દરદન કાપી નાંખીને હત્યા કરવામાં આવી છે. મંગળવારના દિવસે આ વિડિયો ઇન્ટરનેટ પર લીક થયો છે.ઇન્ટરનેટ પર વિડિયો આવી ગયા બાદ ત્રાસવાદીઓએને પણ જાણ થઇ કે તેવિડિયો ભુલથી ઇન્ટરનેટ પર અપલોડ થઇ ગયો છે. આ વિડિયોને દુર કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ તેમાં સફળતા મળી નથી. ઇસ્લામિક સ્ટેટના ફોલોઅર્સની માફી પણ માગવામાં આવી છે. સામાન્ય રીતે આઇએસઆઇએસના વિડિયો પહેલા પોતે તેમના ફોરમ પર નજરે પડે છે અને મોડેથી ઇન્ટરનેટ પર મુકવામાં આવે છે. અમેરિકી પત્રકાર જેમ્સ ફોલીની અગાઉ હત્યા કરી દેવામાં આવી હતી. આ વિડિયો અમેરિકી પત્રકાર જેમ્સ ફોલીની હત્યાના બે સપ્તાહ બાદ સપાટી પર આવતા સનસનાટી મચી ઇ હતી. હવે થોડાક દિવસ પહેલા સ્ટીવેનની હત્યા કરવામાં આવી છે. ટામ્સિ અને ફોરેન પોલિસી મેગેઝીન માટે ફ્રી લાન્સ કામ કરનાર ૩૧ વર્ષીય પત્રકાર સ્ટીવેન સિરિયામાં ઓગષ્ટ ૨૦૧૩માં લાપતા થઇ ગયો હતો. ત્યારબાદ ગયા મહિને આઇએસઆઇએસ દ્વારા જારી વિડિયોમાં તે દેખાયો હતો. જેમાં જેમ્સ ફોલીની માથુ કાપીને હત્યા કરતો દેખાડાયો હતો. આ વિડિયો બાદ બ્રિટીશ નાગરિકની અટકાયત કરી લેવામાં આવી છે.

નરેન્દ્ર મોદી હવે ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ કરશે

નવી દિલ્હી,તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના વિકાસ મોડલની કેટલીક બાબતોને રાષ્ટ્રીય સ્તરે અમલી બનાવવાની યોજના ધરાવે છે. આના માટે વડાપ્રધાને પીએમઓને તૈયારીમાં લાગી જવા માટે સુચના આપી દીધી છે. મોદીએ ગુજરાતમાં મુડીરોકાણકારોને આકર્ષિત કરવા માટે વાઇબ્રન્ટ ગુજરાતનુ આયોજન કર્યું હતુ. આને ખુબ સારી સફળતા હાથ લાગી હતી. આમાં ભરતભરના ઉદ્યોગપતિ પહોંચી રહ્યા હતા. વાઇબ્રન્ટ ગુજરાતની વિશ્વભરમાં નોંધ લેવામાં આવી હતી. આ જ રીતે મોદી હવે ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટની યોજના ધરાવે છે. ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ

ઈન્ડિયા શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. સુત્રો માહિતી આપતા કહ્યું છે કે મોદીએ આના આયોજન માટે પીએમઓને તૈયારી શરૂ કરવા માટે સુચના આપી છે. આ સમિટ પણ વાર્ષિક રહેશે. આમાં પ્રથમ ભાગીદાર દેસઍ જાપાન રહેશે. સમિટમાં ૧૦૦થી વધારે દેશના પ્રતિનિધીઓને બોલાવવામાં આવશે. આની તમામ રૂપરેખા હાલમાં તૈયાર કરવામાં આવી રહી છે. તાજેતરમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવ્યા બાદ ભાજપની સરકાર કેન્દ્રમાં સત્તામાં આવી છે.મોદીને દેશના લોકો વિકાસ પુરૂષ તરીકે જોઇ રહ્યા છે. દેશના લોકોએ મોદીમાં વિશ્વાસ વ્યક્ત કરીને તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતિ આપી છે. મોદીની પાર્ટીને ૨૮૩ બેઠકો મળી હતી. નરેન્દ્ર મોદી પણ વડાપ્રધાન તરીકેની જવાબાદીર સંભાળી લીધા બાદ એક પછી એક ઝડપથી કામ કરી રહ્યા છે. મોદી લોકસભાની ચૂંટણી દરમિયાન પ્રચાર વેળા આપવામાં આવેલા વચનોને પાળવા માટે તમામ સંબંધિત સાથી પક્ષોને સુચના ાપી ચુક્યા છે. સમિટને લઈને પણ તૈયારી હાથ ધરવામાં આવી છે.

વજિરિસ્તાનમાં ૯૦૦થી વધુ આતંકવાદીના મોત : રિપોર્ટ

ઈસ્લામાબાદ,તા. ૩

પાકિસ્તાનના હિંસાગ્રસ્ત ઉત્તરીય વજિરિસ્તાનના આદિવાસી વિસ્તારમાં જૂનમાં હાથ ધરવામાં આવેલા આતંકવાદીઓ સામેના મોટા ઓપરેશન દરમિયાન પાકિસ્તાની સેનાએ ૯૦૦થી વધુ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ૧૫મી જૂનના દિવસે તાલિબાનના મજબૂત ગઢ ગણાતા વિસ્તારમાં સ્થાનિક અને વિદેશી આતંકવાદીઓ સામે ઓપરેશન હ ાથ ધરવામાં આવ્યું હતું. પાકિસ્તાની સેનાએ આજે દાવો કર્યો હતો કે, આતંકવાદીઓ સામેના આ ઓપરેશનમાં હજુ સુધી ૯૧૦ આતંકવાદીઓ માર્યા ગયા છે. આ ઓપરેશન હજુ પણ ચાલી રહ્યું છે. સેનાનું કહેવું છે કે, ઓપરેશનની શરૂઆત થયા બાદથી જ પાકિસ્તાની જવાનોએ ખુબ મોટી સફળતા મેળવી છે. દેશભરમાં આતંકવાદ સામેની લડાઈમાં ૮૨ સૈનિકો પણ માર્યા ગયા છે અને ૨૬૯ જવાનો ઘાયલ થયા છે.

કેન્દ્રની ગંગા સફાઈ યોજનાને લઈ સુપ્રીમ કોર્ટ ભારે લાલઘૂમ

નવીદિલ્હી,તા. ૩

ગંગા સફાઈ યોજના ઉપર કેન્દ્ર સરકારના વલણને લઈને સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે આજે કહ્યું હતું કે, સરકારની કાર્ય યોજના બ્યુરોક્રેટિક છે અને આનાથી ગંગા ૨૦૦ વર્ષમાં પણ સ્વચ્છ થઈ શકશે નહીં. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો હતો કે, ત્રણ સપ્તાહની અંદર બધા ગંગા સફાઈની તબક્કાવાર યોજના બનાવીને રજૂ કરવામાં આવે. ગંગા સફાઈ ઉપર કેન્દ્ર સરકારના એફિડેવિટ પર સુપ્રીમ કોર્ટ અસંતુષ્ટ છે અને તે ગંગા સફાઈ અભિયાનને વહેલીતકે અમલી બનાવવાની તરફેણમાં છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું હતું કે, તે ગંગા સફાઈ યોજનાને સામાન્ય ભાષામાં સમજવા ઇચ્છુક છે. કોર્ટે કહ્યું હતું કે, આગામી પેઢીને ગંગા પોતાના વાસ્તવિક સ્વરુપમાં મળે તે જરૂરી છે. કોર્ટે ત્રણ સપ્તાહની અંદર સપ્લિમેન્ટરી માહિતી આપવા માટે કહેવામાં આવ્યું છે. જેમાં મોદી સરકારની યોજનાના દરેક તબક્કા અંગે માહિતી આપવી પડશે અને એવી માહિતી પણ આપવી પડશે કે દરેક તબક્કામાં સરકારની પ્રાથમિકતા શું રહેશે. કોર્ટે પાવરપોઇન્ટ ફોર્મેટમાં રજૂઆતની માંગ કરી છે. સમગ્ર મામલાની આગામી સુનાવણી ૨૪મી સપ્ટેમ્બરના દિવસે હાથ ધરવામાં આવશે. કોર્ટે કહ્યું હતું કે, જો ગંગા સફાઈના કામમાં કોઇ અડચણ આવે છે તો તેને દૂર કરવાના પ્રયાસ કરવા જોઇએ. અત્રે ઉલ્લેખનીય છે કે, ગંગાની સફાઈ ઉપર કેન્દ્ર સરકારે સોમવારના દિવસે સુપ્રીમ કોર્ટમાં એક રુપરેખા રજૂ કરી હતી. સરકારે કહ્યું હતું કે, પાંચ રાજ્યોમાં ૭૬ યોજનાઓને મંજુરી આપવામાં આવી ચુકી છે. આ યોજનાઓ ઉપર કુલ ખર્ચ આશરે ૫૦૦૦ કરોડ રૂપિયાનો રહેશે. આ ખર્ચ રાજ્યોના મહત્વપૂર્ણ ૪૮ શહેરોમાં ગંગાને બચાવવા માટે ત્રણ સ્તર પર કાર્ય માટે કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે અગાઉ જોરદાર ઝાટકણી કાઢ્યા બાદ રાષ્ટ્રીય ગંગા સ્વચ્છતા મિશનના નિર્દેશન તરફથી એક એફિડેવિટ હાલમાં જ દાખલ કરાઈ હતી.

ડોલરની સામે રૂપિયો ૬૦.૪૮ની સપાટીએ

મુંબઈ, તા.૩

ડોલર સામે રૂપિયામાં છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલી મંદી ઉપર આજે બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે ડોલર સામે રૂપિયો આજે તેજી

સાથે બંધ રહ્યો હતો. યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધવિરામ ઉપર સમજૂતિ થતાં સ્થિતિ હળવી બની હતી. જાપાની બેંક દ્વારા ડોલરના વેચાણમાં વધારો થયો છે. આજે કારોબારના અંતે ડોલર સામે રૂપિયો ઉછળીને બંધ રહ્યો હતો. રૂપિયો મંગળવારના દિવસે ડોલર સામે ૬૦.૬૮ની સપાટીએ રહ્યો હતો જે આજે ૬૦.૪૮ની સપાટીએ રહ્યો હતો. ૩૧મી જુલાઈ બાદથી રૂપિયામાં સૌથી ઉંચી સપાટી જોવા મળી છે. ભારતીય શેરબજારમાં જારી રહેલી તેજીની અસર આજે ડોલર સામે રૂપિયામાં પણ જોવા મળી હતી. હવે અમેરિકી એમ્પ્લોઇમેન્ટ ડેટા ઉપર તમામની નજર રહેશે જે શુક્રવારના દિવસે જારી કરવામાં આવે તેવી શક્યતા છે.

મોરપીંછના રંગ (પાના નં. ૪ નું ચાલુ)

આ સીસ્ટમને જાપાન, કોરિયા અને થાઈલેન્ડની હેલ્થ મિનીસ્ટ્રીએ હેલ્થ પ્રોડક્ટના રૂપમાં એપ્રુવ્ડ પણ કરી છે અને ભારતમાં પણ માન્યતા મળેલ છે. આ ટીએસએસ પ્રોડક્ટ માનવ શરીરને ત્રણ રીતે ઉપયોગી બને છે એક તો બ્લડ સરક્યુલેશન નોર્મલ બનાવે છે. શરીરના તાપમાનને કંટ્રોલ કરે છે અને એક્સુપ્રેશરની પણ સારવાર આપોઆપ મળે છે. આ કંપનીનો દાવો છે કે વિશ્વમાં ૫૦ લાખથી પણ વધુ લોકો આ પ્રોડક્ટ વાપરીને પોતાની હેલ્થ મેળવે છે. ગુજરાતમાં પણ ઘણા બધા આ હેલ્થ પ્રોડક્ટ વાપરે છે. આ પ્રોડક્ટથી વર્ષો જૂનો ડાયાબિટીસ, પેરેલિસિસ, કમળો, પગની પીંડીનો અસહ્ય દુઃખાવો, માઈગ્રેન, કમર, ગરદન, પગ, શરીર, માથું... વગેરેના કાયમી દુઃખાવો કાયમને માટે હલ થયો હોવાના ઉદાહરણો છે. આ મેગ્નેટિક બૅડ છેલ્લા ૧૦ વર્ષથી હું પણ નિયમિત વાપરું છું અને મને અનેક સારા પરિણામો મળ્યા છે. એક લાખ રૂપિયાની કિંમતનું આ જાદૂઈ ગાદલું આધુનિક યુગમાં એક ચમત્કાર છે..

આમ, આ રીતે જોઈએ તો વર્તમાન સમયમાં ચુંબકત્વનું મહત્વ અનિવાર્ય છે. વિશ્વના તમામ દેશોમાં ચુંબકીય ચિકિત્સાને એક ખાસ પ્રકારનો દરજ્જો મળ્યો છે. આ ચિકિત્સા કોઈ જાદુ નથી પણ પ્રકૃતિના નિયમોને આધારિત છે. આ ચુંબક ચિકિત્સા એક વિસ્તૃત વિષય છે એમાં ઘણું બધું ઊંડાણ છે. એ માત્ર એકાદ બે લેખો કે પુસ્તકો વાંચવાથી સંપૂર્ણજ્ઞાન મેળવવું અઘરું છે.

નોંધ : લોહચુંબકની ઓળખ : લોહચુંબકને દોરીથી લટકાવો ત્યારબાદ જે છેડો ઉત્તર દિશા તરફ સ્થિર થાય તે ઉત્તર ધ્રુવ અને જે છેડો દક્ષિણ દિશા તરફ સ્થિર થાય તે દક્ષિણ ધ્રુવ.

ભારતમાં એપલે એક વર્ષમાં ૭૧૦ લાખ આઈફોન વેચ્યા

નવી દિલ્હી,તા. ૩

મહાકાય કંપની એપલે વર્તમાન નાણાંકીય વર્ષમાં ભારતમાં ૧૦ લાખ આઈફોન વેચી દેવામાં સફળતા મેળવી છે. કંપની માટે તીવ્ર સ્પર્ધાના સમયમાં આ ખુબ મોટા સમાચાર છે. કંપનીએ ફરી એકવાર સંપૂર્ણ ધ્યાન આના પર કેન્દ્રિત કર્યું છે. રિસર્ચ સંસ્થાઓના જણાવ્યા મુજબ અમેરિકી કંપનીએ ઓક્ટોબર ૨૦૧૩થી લઈને ઓગષ્ટ ૨૦૧૪ સુધી ૧૦.૨ લાખ ઓઈફોન વેચ્યા છે. ૩૦મી સપ્ટેમ્બરના દિવસે પૂરા થઈ રહેલા નાણાંકીય વર્ષમાં કંપની પોતાના નક્કી કરેલા ટાર્ગેટને પહોંચી વળવાની બિલકુલ નજીક પહોચી ગઈ છે. કંપનીએ વર્તમાન ફિસ્કલ માટે આશરે ૧૧ લાખ ાઈઉફોન યુનિટ વેચવા માટેની યોજના બનાવી હતી. જેમાં તે સફળ રહે તેવી શકયતા છે. હોંગકોંગ સ્થિત ટેકનોલોજી રિસર્ચ કંપની કાઉન્ટર પોઈન્ટના જણાવ્યા મુજબ આ શક્તિશાળી બ્રાન્ડ છે. બેકવાર્ડ સોફ્ટવેર કમ્પેબિલિટી મારફતે એપલ ત્રણથી ચાર વર્ષ જુના મોડલ પણ વેચી દેવામાં સફળ રહી છે. આ મોડલમાં આઈફોન-૪ અને ૪ એસ જેવા મોડલ સામેલ છે. તેમની કિંમત ૨૦ હજારથી લઈને ૩૦ હજાર વચ્ચે રહી છે. આઈફોન ૪ એસ ૮જીબી ની ભારતમાં કુલ વેચાણ હિસ્સેદારી ૨૬.૯ ટકા રહી છે. જ્યારે આઈફોન પસી ૧૬જીબીની હિસ્સેદારી ૧૧ મહિના દરમિયાન વેચાણમાં ૧૦ ટકા રહી છે. આઈફોન ૫ એસ ૧૬ જીબી ઓનલાઈન આશરે ૪૦ હજાર રૂપિયામાં વેચાય છે. જ્યારે આઈફોન ૪એસ ૮જીબી વેરિઅન્ટની કિંમત ૧૯૫૦૦ રૂપિયા છે. આવી જ રીતે આઈફોન પસી ૧૬ જીબીની કિંમત ૩૩૫૦૦ રૂપિયા છે.

નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

આમ, સરળ-ભાષામાં કહીએ તો બહારથી શરીરમાં દાખલ થયેલ પદાર્થ એટલે એન્ટીજન અને આવા પદાર્થોને હાંકી કાઢવા કે નાશ કરવા શરીર દ્વારા નિર્માણ થયેલ પદાર્થ એટલે એન્ટીબોડી. આ એન્ટી બોડી વડે જ શરીરમાં ઇમ્યુનીટી ઉત્પન્ન થાય છે. શરીરમાં હજારો-લાખો પ્રકારના એન્ટીજન પ્રવેદો છે. તે દરેકની સામે રક્ષણ માટે શરીર અલાયદા એન્ટીબોડીનું નિર્માણ કરે છે.

બાળક જયારે ગર્ભમાં હોય છે ત્યારે તેના શરીરમાં અમુક એન્ઝાઇમ હોય છે કે જે એન્ટીજનનું પાચન કરી નાખે છે, આમ, ગર્ભમાં આ એન્ઝાઇમ એન્ટી બોડી તરીકેનું કાર્ય કરે છે, પરંતુ જયારે બાળક ગર્ભમાંથી બહાર આવે છે. ત્યારે માતાનું દૂધ તેમજ બીજો ખોરાક લે છે જેના કારણે તેમજ બાહ્ય વાતાવરણને કારણે એન્ટીજન તેના શરીરમાં દાખલ થાય છે. આવા સમયે બાળકના આંતરડામાં ઇમ્યુનીટી ઉત્પન્ન કરનારા કોષો ઉત્પન્ન થવા લાગે છે. જેના કારણે બાહ્ય વાતાવરણ મારફત થતા ઇન્ફેકશનને રોકવામાં આવે છે. માણસોમાં જોવા મળતી વિવિધ પ્રકારની એલર્જી પણ આ એન્ટીજન - એન્ટીબોડીના ચકનું જ પરિણામ છે. એ વિષે વિગતે જાણીશું આવતા અંકે....

સમાચાર ઝલક

- પાકિસ્તાનમાં મકાન ધરાશાયી થતાં ૧૧નાં મોત ૧૮ ને ઈજા.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે પ્રથમ ૧૦૦ દિવસમાં શ્રેણીબદ્ધ જનહિતના કાર્યો કર્યા.
- મનરેગાના અડધા કાર્યો પાણી પુરવઠામાં કરવા નિર્ણય.
- દિલ્હીમાં ભાજપના ધારાસભ્ય પર વહેલી પરોઢે ગોળીબાર સહેજમાં બચાવ.
- પાકિસ્તાનમાં સર્જાયેલા સંકટ સામે અમેરિકા તટસ્થ રહેશે.
- ખોખરા વિસ્તારની જયમંગલ સ્કુલે ટ્રાફિક જામ થતાં વાલીઓમાં હોબાળો થયો.
- જાણીતી બ્રાન્ડના મરચા મસાલામાં મરેલા વંદા નીકળ્યા.
- કાનપુરમાં ફુટપાથ પર ૧૦ શ્રમજીવીઓ સુતા હતા ત્યારે ટ્રકે કચડી નાંખતા મોત.
- સીરીયા જેલના કમાન્ડરનું આતંકીઓએ માથું વાઢી નાંખ્યું.
- રાજકોટમાં ખંડણીખોર પોલીસને પકડી જાહેરમાં સરભરા કરી.
- પોરબંદરમાં દરિયાઈ મોજા ઊંચા ઉછળવાની આગાહી, માછીમારોને ચેતવણી.
- ખાપ પંચાયતના નિર્ણયના વિરોધમાં જલપાઈગુરી રેલવે પાટા પર યુવતીની